# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-06-2024** **Morning : 7.10 to 7.20**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

- આજથી ત્રણ દિવસ દરમિયાન દરિયા કિનારાના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની આગાહીના પગલે ગરમીમાંથી આંશિક રાહતની શક્યતા
- આજથી માછીમારોને દરિયામાં માછીમારી કરવા ઉપર પ્રતિબંધ.. દરિયો તોફાની બનાવાની શક્યતાના પગલે 31મી જુલાઇ સુધી માછીમારી પર પ્રતિબંધ
- રાજકોટ ગેમઝોન દુર્ઘટનાના મૃતકોના પરિજનોને એક કરોડ અને એક લાખ રૂપિયાની સરકારી સહાય ચૂકવાઇ-ઇજાગ્રસ્તોને રાજકોટમાં સારવાર અપાઇ રહી છે
- ગાંધીનગરના દહેગામ, ચિલોડા અને કલોલના કોલેરાગ્રસ્ત કેટલાંક વિસ્તારોમાં તંત્રની અસરકારક કામગીરી... અધિકારીઓએ પહોંચીને કોલેરાને ડામવા પ્રયાસ આદર્યા .
- પશ્ચિમ રેલવેના મુંબઇ મંડળના વિરાર- વૈતરણા સ્ટેશન વચ્ચે પૂલની કામગીરીને કારણે બ્લોક થતા અમદાવાદ મુંબઇ વચ્ચેની ટ્રેનો પચીસથી પચાસ મિનીટ મોડી દોડી રહી છે..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# WEATHER

છેલ્લા ચોવિસ કલાકમાં રાજ્યભરમાં કેટલાક સ્થળોએ ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે.. ગઇકાલે દિવસ દરમિયાન રાજ્યનું સૌથી ગરમ શહેર સુરેન્દ્રનગર રહ્યું હતુ. સુરેન્દ્રનગરમાં 44 ડિગ્રી સેલ્સિયલ તાપમાન રહ્યું હતું જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં ગરમીનો પારો 43 ડિગ્રી સેલ્સિયસને પાર રહ્યો હતો . આ ઉપરાંત રાજકોટ, ભાવનગર અને અમરેલીમાં 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાતા લોકોને કાળઝાળ ગરમીનો સામનો કરવો પડ્યો હતો જોકે આજથી ગરમ વાતાવરણમાંથી આંશિક રાહત મેળે તેવી શક્યતા છે..

હવામાન વિભાગેઆગામી ત્રીજી જૂન સુધી કચ્છ, ઉત્તર અને મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ધૂળની આંધી ફૂંકાવાની અને એ વખતે પવનની ગતિ અંદાજે 40 કિલોમીટર પ્રતિ કલાક સુધી રહેવાની સંભાવના દર્શાવી છે. એવી જ રીતે, દક્ષિણ ગુજરાત નજીકના અરબી સમુદ્રમાં આજે પવનની ગતિ 35થી 45 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની તેમજ બીજી અને ત્રીજી જૂનના રોજ સંબંધિત વિસ્તારમાં પવનની ગતિ વધીને 45થી 55 કિલોમીટર પ્રતિ કલાક સુધી વધવાની સંભાવના દર્શાવી છે

# DIU-FISHING BANNED

હવામાન વિભાગે દરિયા કિનારાના વિસ્તારોમાં ભારે પવનફૂંકાવાની આગાહી કરી છે. ત્યારે દરિયો તોફાની થવાની સંભાવનાના પગલે આજથી માછીમારોને દરિયામાં માછીમારી કરવા જવા ઉપર પ્રતિબંધ ફરમાવી દેવાયો છે..

પહેલી જૂનથી 31 જુલાઇ સુધી હવે માછીમારો બોટ લઇને દરિયામાં માછીમારી કરવા નહી જઇ શકે..માછીમારોની સલામતીને કારણે કેન્દ્રીય મસ્ત્ય ઉદ્યોગ મંત્રાલય દ્વારા કરવામાં આવેલા આદેશ અનુસાર આ નિર્ણય લેવાયો છે.. માછીમારોએ પોતાની બોટોને જટી ઉપર ચઢાવી દીધી છે..

# 7th Phase voting

લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે સવારે સાત વાગ્યાથી મતદાન થઈ રહ્યું છે. આ તબક્કામાં ઉત્તર પ્રદેશ અને પંજાબની 13, પશ્ચિમ બંગાળની 9, બિહારની 8, ઓડિશાની 6, હિમાચલ પ્રદેશની 4, ઝારખંડની ત્રણ અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢની એક એમ કુલ 57 સંસદીય ક્ષેત્રમાં મતદાન થઈ રહ્યું છે.. આ ઉપરાંત, ઓડિશા વિધાનસભાની બાકીની 42 બેઠકો માટે પણ મતદાન થઈ રહ્યું છે.

ચૂંટણી પંચ દ્વારા સરળ અને પારદર્શક રીતે મતદાન પ્રક્રિયા સુનિશ્ચત કરવા પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. 10, લાખ નવ હજાર જેટલા મતદાન અધિકારીઓ 1.09 લાખ મતદાન મથકો પર ફરજ બજાવી રહ્યા છે. સાતમા તબક્કા માટે 10 કરોડ 06 લાખ જેટલા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે..

અંતિમ તબક્કો શાસક અને વિરોધ પક્ષો બંને માટે ખૂબ મહત્વનો છે. આજે પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર, રવિશંકર પ્રસાદ, અભિનેત્રી કંગના રણૌત, અભિનેતા રવિ કિશન, કોંગ્રેસના નેતાઓ મનિષ તિવારી અને વિક્રમાદિત્ય સિંહ, આરજેડી નેતા મિસા ભારતી અને તૃણમુલ કોંગ્રેસના નેતા અભિષેક બેનરજીનું ભાવિ ઇવીએમમાં બંધ થશે. સાતમા તબક્કા સાથે વિશ્વની સૌથી મોટી ચૂંટણી પ્રક્રિયાનો અંત આવશે. અત્યાર સુધી 486 બેઠકો પર મતદાન યોજાઈ ચૂક્યું છે. 4 જૂને પરિણામ જાહેર થશે.

# AMIT SHAHSOMNATH

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ ગઇકાલે સાંજે સોમનાથ મહાદેવના દર્શને પહોંચ્યા હતા..અહીં તેમણે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન-પૂજા કરી ધ્વજ પુજા કરી હતી સોમનાથ મંદિરના પંડિતો અને ઋષિકુમારોના મંત્રોચ્ચાર વચ્ચે ગૃહમંત્રીએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા..

સોમનાથ મહાદેવ સમક્ષ ગંગાજળનો જળાભિષેક કરીને પૂજા-અર્ચના કરી હતી...તેઓ પરિવાર સાથે સોમનાથ મંદિરે પહોંચ્યા હતા... ચૂંટણી પ્રચાર પૂર્ણ થયા બાદતરત જ તેમણએ સોમનાથ મહાદેવને શિશ ઝુકાવ્યું હતું...

# RAJKOT CHUKAVANU

રાજકોટમાં ૨૫મી મેના રોજ નાના મવાવિસ્તાર ખાતે આવેલ ટી.આર.પી. ગેમ ઝોનમાં ગંભીર દુર્ઘટના સર્જાઇ હતી.જેમાં મૃત્યુ પામનારાના પરિવારજનોને તાત્કાલિક સહાય ચૂકવવા સરકારે આદેશ કર્યો હતો..

રાજય સરકાર દ્વારા તાત્કાલિક ગ્રાન્ટ ફાળવી આ ગ્રાન્ટમાંથી અસરગ્રસ્તોને સત્વરે ચૂકવણું કરવા આદેશ આપવામાં આવ્યા હતા. જે અંતર્ગત ત્રણ દિવસમાં મૃતકોના પરિવારજનોને એક કરોડ એક લાખ રૂપિયાની સહાય ચૂકવી દેવામાં આવી હતી..બેંક અને પરિવારજનોનાના સહયોગથી આ સહાય ચૂકવવામાં આવી હતી..

આ દુર્ઘટના ઇજાગ્રસ્તોને ગિરિરાજ હોસ્પિટલ ખાતે પહોંચતા કરી તેઓને નિઃશુલ્ક સારવાર આપવામાં આવી હતી. જે પીડિતો અન્ય રાજયોના હતા, તેઓના સંબંધીઓ માટે તાત્કાલિક ટીકીટો બુક કરાવડાવી યોગ્ય વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ દુર્ઘટનામાં અવસાન પામનાર વ્યકિતની અંતિમવિધિ સહિતની કાર્યવાહી માટે એક-એક નાયબ મામલતદારની નિમણુંક કરવામાં આવી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ  અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..

.....................................

# COLLERA JAHERNAMU

ગાંધીનગર જિલ્લામાં દહેગામ અર્બન વિસ્તાર, ચિલોડા - શિહોલીમોટી, ઉપરાંત રામદેવપુરાવાસ કલોલ અને નવા વણકર વાસ પેથાપુરમાં કોલેરાના કેસ મળ્યા હતાં. આ અંગેની જાણકારી મળતા જ જિલ્લા કલેકટર મેહુલ દવેએ તાત્કાલિક અસરથી આ વિસ્તારોને કોલેરગ્રસ્ત જાહેર કરી દીધા હતા.. કલોલ અને ગાંધીનગરના પ્રાંત ઓફિસરોને તાત્કાલિક આ વિસ્તારોની મુલાકાત લઈ જરૂરી પગલાં ભરવા આદેશ આપ્યા હતા. જેના પગલે અસરગ્રસ્ત વિસ્તારોમાં પ્રાંત ઓફિસર ઉપરાંત સંબંધિત મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તેમજ આરોગ્ય અધિકારીની ટીમ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી ગઈ હતી.

તમામ અધિકારીઓએ તાત્કાલિક અસરથી જરૂરી કાર્યવાહી આરંભી હતી. અસરગ્રસ્ત વિસ્તારોમાં આ રોગચાળા સંદર્ભે રાખવાની સાવચેતી અંગે લોકોને જાગૃત કરી માહિતગાર કરવામાં આવ્યા હતા . કોલેરા વધુ ન ફેલાય તે માટે આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા, પીવાના શુદ્ધ પાણીનો ઉપયોગ અને જરૂર પડે ઉકાળેલું પાણી પીવા લોકોને સમજાવવામાં આવ્યા હતા.

# તાપી -લોકસભા મતગણતરી

લોકસભા ચૂંટણીની મતગણતરી આગામી 4 જૂનના રોજ યોજાશે. આ અંગે તાપી સેવાસદન ખાતે ગઇકાલે મતગણતરીની રૂપરેખા આપવા માટે પત્રકાર પરિષદ યોજી ચૂંટણી અધિકારી દ્વારા માહિતી અપાઈ..

**(બાઇટ -ભગીરથ સિંહ ઝાલા નાયબ ચૂંટણી અધિકારી)**

# TRAIN LATE

પશ્ચિમ રેલવેના મુંબઇ મંડળના વિરાર-વૈતરણા સેક્શન વચ્ચે પુલની કામગીરી ચાલી રહી છે જેને કારણે અમદાવાદ- મુંબઇ રેલ માર્ગ પર દોડતી કેટલીક ટ્રેનોના સમયમાં પરિવર્તન કરવામાં આવ્યું છે.

આજે અને આવતીકાલે 13 જેટલી ટ્રેનો મોડી દોડશે. જેમાં લોકશક્તિ એક્સપ્રેસ, સૌરાષ્ટ્ર મેલ , ગુજરાત મેલ, વેરાવળ પૂણે એક્સપ્રેસનો સમાવેશ થાય છે. આ ટ્રેનો 25થી લઇને પચાસ મિનીટ સુધીમોડી દોડી રહી છે..

# Accident Tapi

તાપીમાં એક જ દિવસમાં બે અલગ અલગ અકસ્માતમાં ત્રણના મોત નિપજ્યા હતા. બંને અકસ્માત ઉચ્છલ નિઝર હાઈવે ઉપર સર્જાયા હતા. મોડી સાંજે રૂમકી તળાવ નજીક બે બાઇકો સામ સામે અથડાતા બે બાઇક સવારના મોત નિપજ્યા હતા. જ્યારે એકને ગંભીર ઇજા થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# DANG- SUMMER YOGA CAMP

ડાંગ જિલ્લામાં ડાંગ સ્વરાજ આશ્રમ-આહવા તેમજ ગાઢવી પ્રાથમિક શાળા ખાતે નિ:શુલ્ક સમર યોગા કેમ્પનું આયોજન કરાયું હતુ, જેમાં કુલ ૧૯૦ વિદ્યાર્થીઓએ ભાગ લિધો હતો.

આ કેમ્પમાં બાળકોને યોગાસન, આસન, પ્રાણાયામ, ધ્યાન, ભગવત ગીતાના શ્લોક તેમજ વિવિધ રમતો રમાડવામાં આવી હતી. આ ઉપરાંત બાળકોને આદર્શ દિનચર્યા વિશેની સમજણ પણ આપવામાં આવી હતી. વેકેશન દરમિયાન બાળકો માટે સમયનો સદઉપયોગ થાય તે માટે આ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૭ થી ૧૫ વર્ષની વયજૂથના બાળકો માટે, સમગ્ર રાજ્યમાં ૨૦૦ જેટલાં નિ:શુલ્ક સમર યોગા કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે

# Patan Summer Science Camp

પાટણ સમર સાયન્સ કેમ્પ પાટણના રિજિયોન લસાયન્સ સેન્ટર ખાતે યોજાયેલા ત્રિદિવસીય સમર સાયન્સ કેમ્પનું ગઇકાલે સમાપન થયું. આ કેમ્પમાં 7 જિલ્લાની 29 શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે આ સમર સાયન્સ કેમ્પમાં STEM (સાયન્સ, ટેક્નોલોજી, એન્જીનીયરીંગ અને મેથેમેટિક્સ) આધારિત વિવિધ સાયન્ટિફિક ચર્ચા, વર્કશોપ અને પ્રવૃતિઓ સાથે  ઇન્ડોર અને આઉટડોર ગેમ્સનું આયોજન કરેલ છે જેમાં ગઇકાલે વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ, ક્લાયમેન્ટ ચેન્જ, ઊર્જા સંરક્ષણ, સન-ડાયલ અને મિલેટસના ફાયદાઓ પર વર્કશોપ સાથે ગ્લોબલ  વોર્મિંગ, ઊર્જા સંરક્ષણ અનેપૃથ્વીની ઉત્પત્તિ પર સાયન્ટિફિક-શો, મિશન લાઈફની થીમ પર વકતૃત્વ સ્પર્ધા, ચેસ સ્પર્ધા, પેપર ક્રાફટનો સમાવેશ થાય છે.

નિષ્ણાતો દ્વારા ઇન્ટરેક્ટિવ મોડેલના માધ્યમથી ઊર્જા સંરક્ષણ, તેના પ્રકારો, આબોહવા પરિવર્તન, ખરાબ ક્લાયમેન્ટના લાભાલાભ, મીલેટ્સના ફાયદાઓ અને તેનાથી બનતી વાનગીઓના મહત્વ વિશે વિદ્યાર્થીઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિવિધ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ એનાયત કરાયા હતા.